**ટોચ અગ્રતા**

જા-..૯/શિક્ષણ/મકમ/NOC/વશી/૧૨૫/૨૦૨૪
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, બનાસકાંઠા
પાલનપુર, તા.૧૫/૦૬/૨૦૨૪

પ્રતિ,
(૧)તા.પ્રા.શિ.અધિ.શ્રીઓ (તમામ), જિ.બનાસકાંઠા.
(૨)બી.આર.સી.કો.ઓર્ડિનેટર (તમામ), જિ.બનાસકાંઠા
(૩)સી.આર.સી.કો.ઓર્ડિનેટર (તમામ), જિ.બનાસકાંઠા
(૪)ટી.આર.પી.ઓ (તમામ), જિ.બનાસકાંઠા

વિષય : શાળાઓમાં ફાયરસેફટીની વ્યવસ્થા બાબતે ચકાસણી કરી માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) માન.નિયામકશ્રી, રાજય અગ્નિ નિવારણ સેવાઓ કચેરી-ગાંધીનગરના પત્ર ક્રમાંક : સફસ/ફન-૮૫.૧/૧૪૯/૨૦૨૧, તા.૦૫/૦૬/૨૦૨૧

(૨) ગુજરાત મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાંક : મઉમશબ/શા.નિ./૨૫૮૫૦-૨૫૯૩૧, તા૬૧૫/૦૬/૨૦૨૪

(૩) માન.નિયામકશ્રીની વિડિયો કોન્ફરન્સમાં આપેલ સુચના અનુસાર.

આમુખ-(૧) થી (૩)ની સુચના અન્વયે ફાયર સેફટી પ્રમાણપત્ર ઇસ્યુ કરવા બાબતે થયેલ આદેશ સંદર્ભે તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ બી.આર.સી.કો.ઓર્ડિનેટર, સી.આર.સી.કો.ઓર્ડિનેટર તેમજ તાલુકાના ટી.આર.પી.ઓએ આપને સુપ્રત કરવામાં આવેલ શાળાઓમાં ફાયર એન.ઓ.સી. બાબતની ચકાસણી બિડાણ મુજબના પત્રકમાં વિગતો ભરી સોપવામાં આવેલ કામગીરી આવતી કાલે તા.૧૬/૦૬/૨૦૨૪ને રવિવારના રોજ આપના સહી સિકકા સાથે બપોરે .૦૨:૦૦ કલાક સુધીમાં બી.આર.સી.ભવન ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ માહિતી અતિ અગત્યની હોઇ ટોચઅગ્રતા આપશો.

નોધ : સંકલન અધિકારી તરીકે તાલુકા કક્ષાએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ બી.આર.સી.કો.ઓર્ડિનેટર તેમજ ટી.આર.પી.ઓએ કામગીરી કરવાની રહેશે.

બિડાણ : સંદર્ભવાળા પત્રો અને પત્રક ૧ થી ૩

જિલ્લા ~~પ્રાથમિક~~ શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
બનાસકાંઠા, પાલનપુર



Scanned with OKEN Scanner

ખાસ અગત્યનું/ સમય મર્યાદા

ક્રમાંક:મઉમશબ/શા.નિ./ ૨૫૯૫૦-૨૫૯૩૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુનાસચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૫/૦૬/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
શાસનાધિકારીશ્રી(તમામ)

વિષય:- શાળાઓમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા બાબતે ચકાસણી કરી માહિતી આપવા બાબત.
સંદર્ભ:- ફાયર સેફટીની વીડીઓ કોન્ફરન્સ તા.૧૫/૦૬/૨૦૨૪ થી આપેલ સુચનાઓ

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિ ને ધ્યાને લઈ શાળાઓમાં બાળકોની સુરક્ષાના સંદર્ભે શાળામાં ફાયર સેફટીની ચકાસણી કરી સામેલ પત્રક મુજબની માહિતીની Excel શીટ તા.૧૭/૦૬/૨૦૨૪ સુધીમાં gsebsani@gmail.com ઉપર મેઈલ કરવા તેમજ તેની હાર્ડ કોપીમાં સહી-સિક્કા સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે તા.૧૭/૦૬/૨૦૨૪ના રોજ ૧૨.૦૦ કલાકે ઉપસ્થિત રહેવું. તમામ શાળામાં ફાયર સેફ્ટીની ચકાસણી માટે આપની કક્ષાએથી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, શિક્ષણ નિરીક્ષક, કેળવણી નિરીક્ષક, મદદનીશ શિક્ષણ નિરીક્ષક, બી.આર.સી., સી.આર.સી.ને શાળાઓ ફાળવી આપેલ ચેક લિસ્ટ મુજબ ચકાસણી કરવાની રહેશે. જે શાળાઓએ સેલ્ફ ડેક્લેરેશન રજુ કરેલ હોય તે શાળાઓ પાસેથી તેમની શાળા ૯ મીટરથી નીચી છે તેવું સ્વ-પ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

આપના તાબા હેઠળ તમામ પ્રકારની પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા સરકારશ્રીની વખતો-વખતની સૂચના પ્રમાણે ફાયર સેફ્ટી ધરાવે છે કે કેમ? અને જો તેની મુદત પૂર્ણ થઈ ગયેલ હોય તો તેને રીન્યુ કરવામાં આવેલ છે કે કેમ? તેની સ્સ્થળ ઉપર જઈ ચકાસણી કરાવી લેવાની રહેશે.

બીડાણમાં આપેલ ચેક લિસ્ટ મુજબ ૯ મીટર કે ૯ મીટર થી ઓછી ઊંચાઈ ધરાવતી સંસ્થાઓની ઇમારતમાં જરૂરિયાત પ્રમાણેની ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ છે કે કેમ? તેની તપાસ અધિકારી મારફત રૂબરૂ ચકાસણી કરવાની રહેશે.

Scanned with OKEN Scanner

રાજ્યની અગ્નિ નિવારણ સેવાઓની કચેરીના તા.૦૫/૦૬/૨૦૨૧ના પત્રક્રમાંક:સફસ/ફન-૮૫.૧/૧૪૯/૨૦૨૧ના પરિપત્ર પ્રમાણે તમામ સુવિધાઓની ચકાસણી કરાવવાની રહેશે.

ઉપરોક્ત સૂચના અને સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ની જોગવાઈઓનું યોગ્ય અમલીકરણ, ચકાસણી કરી તેની તમામ માહિતી સામેલ પત્રકમાં રજૂ કરવાની રહેશે.

ખાસ સૂચના પત્રક-૧ અને ૨ ના બીડાણમાં ફરજીયાત પણે શાળાઓની યાદી મોકલવાની રહેશે.

બીડાણ: પત્રક-૧, પત્રક-૨, પત્રક-૩

(ડૉ.એમ.એન.પટેલ)
નાયબ નિયામક,
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની
કચેરી, ગાંધીનગર

(એન. જી. વ્યાસ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

(વાય.એસ.ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક,
નિયામકશ્રી શાળાઓની
કચેરી, ગાંધીનગર

Scanned with OKEN Scanner

WE SERVE TO SAVE
રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી
બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ઈ-મેલ: dir.sfps@gmail.com, ટેલિફોન નં.૦૭૯-૨૩૨-૫૭૦૨૨/૨૩/૪૦.

ક્રમાંક: સફસ/ફન- ૮૫.૧/૭૪૮ /૨૦૨૧ તા૦૫/૦૬/૨૦૨૧

વિષય:- ફાયર સેફટી સર્ટિફિકેટ ઈશ્યુ કરવા બાબત સ્પષ્ટતા થવા બાબત.

**પરિપત્ર:-**

સરકારશ્રી દ્વારા ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસૂચિ મુજબનાં બિલ્ડીંગો માટે નિયમ -૨૩(૧) ની જોગવાઈ મુજબ ફાયર સેફટી સર્ટીફિકેટ (ફાયર NOC) ઈશ્યુ કરવાની જોગવાઈ થયેલી છે. વખતોવખત રાજયના રીજીયનલ ફાયર ઓફીસર/ચીફ ફાયર ઓફીસર સાથે મીટીંગો દરમ્યાન ક્ષેત્રિય કક્ષાએ કામગીરી દરમ્યાન ફાયર NOC ઈશ્યુ કરવા મામલે અમૂક મુશ્કેલીઓ અનુભવાય છે. જેથી આ બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી બને છે. શૈક્ષણિક સંસ્થાઓનાં કિસ્સામાં જે ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક(સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસુચીમાં જણાવ્યાનુંસાર ૯ મી ઉંચાઇ અને/ અથવા ૫૦૦ચો.મી. કોઈ એક કે વધુ માળનાં ક્ષેત્રફળેથી ઓછાં ઉંચાઇ/ક્ષેત્રફળનાં કિસ્સામાં શૈક્ષણિક સંસ્થા દ્વારા ફાયર સેફટી સર્ટીફિકેટ લેવાની જોગવાઇ સંદર્ભે વિશેષ સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, જે શૈક્ષણિક સંસ્થા ૯ મીટર કે તેથી વધુ ઉંચાઇ ધરાવતી હોય તેમજ એમા જો બેઝમેન્ટ હોય તો એનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.મીથી વધુ હોય તેવા કિસ્સામાં જ સંબંધિત ફાયર અધિકારી પાસેથી જ ફાયર સેફટી સર્ટીફિકેટ નિયમોનુસાર મેળવવાનું રહે છે. આ સિવાયના કિસ્સાઓમાં કે જેમાં શૈક્ષણિક સંસ્થા કે જેની ઉંચાઇ ૯ મીટરથી ઓછી હોય તેવા કિસ્સામાં ફ્લોર એરિયા ધ્યાને લીધા સિવાય એવી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે ફાયર સેફટી અંગેની જરૂરી વ્યવસ્થા શૈક્ષણિક સંસ્થા દ્વારા કરી એ મતલબનું સેલ્ફ સર્ટીફીકેશન કરી એવું સર્ટીફીકેટ મંજૂરી આપનાર ઓથોરીટીને મોકલી આપવાનું રહેશે. આ ૯ (નવ) મીટરથી ઓછી ઉંચાઇ વાળી તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ માટે આ સાથે સામેલ ચેક લીસ્ટ મુજબની વ્યવસ્થા કરી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે પ્રમાણપત્ર સહ શૈક્ષણિક સંસ્થાને મંજુરી આપનાર

Scanned with OKEN Scanner

ઓથોરીટીને મોકલી આપવાની રહે છે. દરેક જીલ્લામાં શિક્ષણ વિભાગનાં નિરિક્ષકશ્રી કે અન્ય અધિકૃત અધિકારી દ્વારા પણ આ ચેક લીસ્ટ મુજબ વખતો-વખત ચકાસણી કરવાની રહેશે.

નિયામક
રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના-

1. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
3. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
4. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી(શૈક્ષણિક સંસ્થાઓ), ગાંધીનગર.
6. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
7. નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
8. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર.
9. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.
10. રીજીયોનલ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ.

નકલ રવાના:-

1. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, તમામ.
2. રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી, વડોદરા, ગાંધીધામ, રાજકોટ, ગાંધીંગર, સુરત.
3. ચીફ ફાયર ઓફિસરશ્રી, મહાનગરપાલિકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.

Scanned with OKEN Scanner

## ચેક લીસ્ટ

# ૯ મીટર કે ૯ મીટર કરતા ઓછી ઉંચાઈ ધરાવતી શૈક્ષણીક સંસ્થાઓ ની ઈમારતોમાં લઘુતમ ફાયર સેફ્ટીની સુવિધા કરવા બાબત.

૧. જે માત્ર ગ્રાઉંન્ડ ફ્લોર ધરાવતી શૈક્ષણીક ઈમારતો

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં) જેમાં ૧ – 4.5 k.g. Type $CO_2$ Fire Extinguishers, ૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |

૨. જે માત્ર ૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતી હોય તેવી ગ્રાઉંન્ડ ફ્લોર + પ્રથમ માળ અને ગ્રાઉન્ડ + પ્રથમ + બીજો માળ ધરાવતી શૈક્ષણીક ઈમારતો.

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં) જેમાં ૧ – 4.5 k.g. Type $CO_2$ Fire Extinguishers, ૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |
| ૨ | હોઝ-રીલ હોઝ એસમ્બલી | દરેક માળે ૧૦૦૦ ચો.મી. વિસ્તારે એક પ્રમાણે |
| 3 | પાણીની ટાંકી(ટેરેસ લેવલ) | ૧૦૦૦૦ લિટર |
| ૪ | ફાયર પમ્પ(ટેરેસ લેવલ) | ૪૫૦ એલ.પી.એમ. કેપેસીટી નો ઈલેક્ટ્રીક પમ્પ |

Scanned with OKEN Scanner

| FIRE NOC અંગે શાળાની ચકાસણીના પત્રકો | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લોઃ- | | | | | | | | | | | | | |
| પત્રક-૧ (FIRE NOC) | | | | | | | | | | | | | |
| ક્રમ | સંચાલનનો પ્રકાર | શાળાનો પ્રકાર | શાળાની કુલ સંખ્યા | ચકાસણી કરેલ શાળાની સંખ્યા | FIRE NOC મેળવવા પાત્ર શાળાઓ પૈકી | | | | | FIRE NOC રીન્યુ કરાવવા પાત્ર શાળાઓ | | | FIRE NOC ન હોવાને કારણે સીલ કરેલ હોય તેવી શાળાઓની સંખ્યા |
| | | | | | FIRE NOC મેળવેલ શાળાઓ | FIRE NOC મેળવવાની બાકી હોય અને અરજી કરેલ હોય તેવી શાળાઓ | | | FIRE NOC મેળવવાની બાકી હોય અને અરજી ન કરેલ હોય તેવી શાળાઓ | FIRE NOC રીન્યુ કરાવવા અરજી કરેલ શાળાઓની સંખ્યા | FIRE NOC રીન્યુ કરાવવા અરજી ન કરેલ શાળાઓની સંખ્યા | કુલ | |
| | | | | | | FIRE ઇન્સપેક્શન થયેલ હોય તેવી શાળાઓ | FIRE ઇન્સપેક્શન ન થયેલ હોય તેવી શાળાઓ | કુલ | | | | | |
| 1 | સરકારી શાળા | માત્ર પ્રાથમિક | | | | | | | | | | | |
| | | માત્ર હાઇસ્કુલ | | | | | | | | | | | |
| | | પ્રાથમિક અને હાઇસ્કુલ | | | | | | | | | | | |
| 2 | ગ્રાન્ટેડ શાળા | માત્ર પ્રાથમિક | | | | | | | | | | | |
| | | માત્ર હાઇસ્કુલ | | | | | | | | | | | |
| | | પ્રાથમિક અને હાઇસ્કુલ | | | | | | | | | | | |
| 3 | નોન ગ્રાન્ટેડ શાળા | માત્ર પ્રાથમિક | | | | | | | | | | | |
| | | માત્ર હાઇસ્કુલ | | | | | | | | | | | |
| | | પ્રાથમિક અને હાઇસ્કુલ | | | | | | | | | | | |
| કુલ શાળાઓ | | | | | | | | | | | | | |

શાસનાધિકારી

સહી/સિક્કો

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

સહી/સિક્કો

જિલ્લા શિક્ષણાધિકારી

સહી/સિક્કો

| જિલ્લોઃ- | | | | | | તા. | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પત્રક- ૧ નું બિડાણ<br>FIRE NOC / FIRE NOC રીન્યુ બાકી હોય તેવી શાળાઓની યાદી દર્શાવતું પત્રક | | | | | | | | |
| ક્રમ | શાળાનું નામ અને સરનામુ | ગામ/શહેર | તાલુકો | સંચાલનનો પ્રકાર (સરકારી/ ગ્રાન્ટેડ/ નોન ગ્રાન્ટેડ) | શાળાનો પ્રકાર (માત્ર પ્રાથમિક/ માત્ર હાઇસ્કુલ/ પ્રાથમિક અને હાઇસ્કુલ) | FIRE NOC માટે અરજી કરેલ છે? હા/ના | FIRE NOC રીન્યુઅલ અરજી કરેલ છે? હા/ના | FIRE NOC/ રીન્યુઅલ અરજી કઇ કક્ષાએ પડતર છે? |
| | | | | | | | | |



Scanned with OKEN Scanner

| FIRE NOC અંગે શાળાની ચકાસણીના પત્રકો | | | | | |
|---|---|---|---|---|---|
| જિલ્લોઃ- | | | | | |
| પત્રક-૨ (FIRE સેલ્ફ ડેક્લેરેશન) | | | | | |
| ક્રમ | સંચાલનનો પ્રકાર | શાળાનો પ્રકાર | FIRE NOC સેલ્ફ ડેક્લેરેશનની પાત્રતા વાળી શાળાઓની સંખ્યા | | |
| | | | સેલ્ફ ડેક્લેરેશન આપેલ શાળાની સંખ્યા | | સેલ્ફ ડેક્લેરેશન બાકી હોય તેવી શાળાની સંખ્યા |
| | | | જરૂરીયાત મુજબના ફાયરના સાધનો લગાવેલ હોય તેવી શાળાઓની સંખ્યા | જરૂરીયાત મુજબના ફાયરના સાધનો ન લગાવેલ હોય તેવી શાળાઓની સંખ્યા | |
| 1 | સરકારી શાળા | માત્ર પ્રાથમિક | | | |
| | | માત્ર હાઇસ્કુલ | | | |
| | | પ્રાથમિક અને હાઇસ્કુલ | | | |
| 2 | ગ્રાન્ટેડ શાળા | માત્ર પ્રાથમિક | | | |
| | | માત્ર હાઇસ્કુલ | | | |
| | | પ્રાથમિક અને હાઇસ્કુલ | | | |
| 3 | નોન ગ્રાન્ટેડ શાળા | માત્ર પ્રાથમિક | | | |
| | | માત્ર હાઇસ્કુલ | | | |
| | | પ્રાથમિક અને હાઇસ્કુલ | | | |

શાસનાધિકારી
સહી/સિકકો

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સહી/સિકકો

જિલ્લા શિક્ષણાધિકારી
સહી/સિકકો

| જિલ્લોઃ- | | | | | | | તા. |
|---|---|---|---|---|---|---|---|
| પત્રક- ૨ નું બિડાણ<br>FIRE સેલ્ફ ડેક્લેરેશન બાકી હોય તેવી શાળાઓની યાદી દર્શાવતું પત્રક | | | | | | | |
| ક્રમ | શાળાનું નામ અને સરનામુ | ગામ/શહેર | તાલુકો | સંચાલનનો પ્રકાર (સરકારી/ ગ્રાન્ટેડ/ નોન ગ્રાન્ટેડ) | શાળાનો પ્રકાર (માત્ર પ્રાથમિક/ માત્ર હાઇસ્કુલ/ પ્રાથમિક અને હાઇસ્કુલ) | જરૂરીયાત મુજબના ફાયરના સાધનો ન લગાવેલ હોય તેવી શાળાઓ | સેલ્ફ ડેક્લેરેશન બાકી હોય તેવી શાળાઓ |
| | | | | | | | |



Scanned with OKEN Scanner

| FIRE NOC અંગે શાળાની ચકાસણીના પત્રકો | | | | | |
|---|---|---|---|---|---|
| જિલ્લો/નગર | | | | | |
| **પત્રક- ૩**<br>**( FIRE NOC ન હોય / સેલ્ફ ડેક્લેરેશન ન હોય / સેલ્ફ ડેક્લેરેશન હોય પરંતુ ફાયરના જરૂરીયાત મુજબના સાધનો ન લગાવેલા હોય તેવી શાળાઓ)** | | | | | |
| ક્રમ | સંચાલનનો પ્રકાર | શાળાનો પ્રકાર | FIRE NOC/સેલ્ફ ડેક્લેરેશન ન હોય તેવી શાળાઓ / સેલ્ફ ડેક્લેરેશન હોય પરંતુ ફાયરના જરૂરીયાત મુજબના સાધનો ન લગાવેલા હોય તેવી શાળાઓ | | |
| | | | શાળાની સંખ્યા | શાળામાં ચાલતા ધોરણ | વિદ્યાર્થી સંખ્યા |
| 1 | સરકારી શાળા | માત્ર પ્રાથમિક | | | |
| | | માત્ર હાઇસ્કુલ | | | |
| | | પ્રાથમિક અને હાઇસ્કુલ | | | |
| 2 | ગ્રાન્ટેડ શાળા | માત્ર પ્રાથમિક | | | |
| | | માત્ર હાઇસ્કુલ | | | |
| | | પ્રાથમિક અને હાઇસ્કુલ | | | |
| 3 | નોન ગ્રાન્ટેડ શાળા | માત્ર પ્રાથમિક | | | |
| | | માત્ર હાઇસ્કુલ | | | |
| | | પ્રાથમિક અને હાઇસ્કુલ | | | |

શાસનાધિકારી
સહી/સિકકો

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સહી/સિકકો

જિલ્લા શિક્ષણાધિકારી
સહી/સિકકો



Scanned with OKEN Scanner